નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
પ્રિ–વિતરણ/પોલીસી/૩૧/ઓટીપી/ ૯૫
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૧૦/૦૭/૨૦૧૭

## // પરિપત્ર //

**વિષયઃ– ઓ.ટી.પી. કેટેગરીમાં સરકારશ્રીના નિયમ અનુસાર પ્રસ્થાપિત થતાં દિવ્યાંગનો સમાવેશ કરવા બાબત.**

**સંદર્ભઃ– (૧) નિગમનો પરિપત્ર ક્રમાંકઃ ઓએન્ડએમ/સીઆઈઆર/એએલટી/પીઓએમ/૩૧/ ૩૮૩/૯૩, તા.૧/૧૧/૧૯૯૩.**

**(૨) નિગમનો પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૮)/૦૭, તા.૩૧/૫/૨૦૦૮.**

કેન્દ્ર સરકારશ્રી ધ્વારા દિવ્યાંગોને રોજગાર લક્ષી અને ઉધોગ લક્ષી પ્રવાહમાં સહભાગી બનાવવા માટેના વિવિધ પગલા લેવામાં આવેલ છે. દિવ્યાંગોને સરકારી નોકરી અને અન્ય બાબતોએ વિવિધ યોજનાઓ / રાહત / અનામત રાખવાની નીતિ અમલમાં મુકવામાં આવેલ છે. કેન્દ્ર સરકારશ્રીના દિવ્યાંગને ઉધોગ લક્ષી / રોજગાર લક્ષી બનાવવાના સદર અભિગમને અનુલક્ષીને નિગમ ધ્વારા રાજયના દિવ્યાંગ ઉધોગ સાહસિકોને પણ જમીન ફાળવતા સમયે આઉટ ઓફ ટર્ન પ્રાયોરીટી કક્ષામાં સમાવેશ કરવામાં આવે તે બાબત નિગમની વિચારણા હેઠળ હતી. નિગમની તા.૨૦/૦૬/૨૦૧૭ના રોજ યોજાયેલ ૪૯૬ મી સભા સમક્ષ રજુ થયેલ કાર્યસૂચિ અન્વયે પુખ્ત વિચારણાના અંતે ઠરાવ ક્રમાંકઃ ૫૬/પ્રિ–વિતરણ/૪૯૬/૨૦૧૭ ધ્વારા અન્ય તમામ નીતિ વિષયક બાબતો યથાવત રાખી નીચે જણાવેલ નિર્ણય કરવામાં આવેલ છે.

- ઉપર વંચાણે લીધેલ સંદર્ભિત પરિપત્ર ધ્વારા નકકી કરવામાં આવેલ ઓ.ટી.પી. કેટેગરીમાં સરકારશ્રીની સમાજ સુરક્ષા કચેરી ધ્વારા ઈસ્યુ થયેલ વિકલાંગ ઓળખકાર્ડ ધરાવતા દિવ્યાંગનો સમાવેશ કરવાનો રહેશે.
- સદર લાભ ભાગીદારી પેઢી/પ્રોપરાઈટરશીપમાં ૧૦૦% દિવ્યાંગ વ્યકિત હોય તેને જ આપવાનો રહેશે.
- વિતરણ કિંમતમાં ૧૦% રાહત આપવાની રહેશે.
- અન્ય તમામ નીતિ વિષયક બાબતો યથાવત રાખવાની રહેશે.

સદર નીતિ પરિપત્ર જારી કર્યા તારીખથી અમલમાં આવશે.

ઉપરોક્ત સૂચનાઓનું નિગમના તમામ અધિકારીશ્રીઓએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પ્રિ–વિતરણ) ને પાઠવવી.

સહી/–
**(ડી. થારા)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**નકલ જયભારત સહ રવાનાઃ–**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું

**મેનેજર (મહેકમ)**
જીઆઈડીસી, ગાંધીનગર